# Bi 121-OLD TESTAMENT

## પાઠ : ૨૪  દેવ તરફથી આપવામાં આવેલી 'દસ આજ્ઞાઓ'

## (નિર્ગમન અધ્યાય ૧૯-૨૦)

જયારે તમે મોટા થાઓ છો ત્યારે તમારા મા-બાપ કુટુંબીઓ અને વડીલો તમારા જીવન ને જીવવાનાં નિયમો શિખવાડે છે. તમારી સંસ્કૃતિ અમુક વર્તણુક માટે તમને 'હા' પાડશે અને કેટલીક વર્તણુક માટે મનાઈ ફરમાવશે. આ નિયમો દરેક વ્યકિતઓનાં જૂના અનુભવો, માન્યતાઓ, પરિસ્થિતિઓ અને દુનિયાને નિહાળવાની દૃષ્ટિ પર આધારિત હોય છે. આ જ બાબત ઈસ્રાએલી લોકો માટે બની.

આ પાઠમાં તો પણ, તેઓએ દેવનાં જીવન જીવવાનાં નિયમોને સાંભળ્યા. તેમણે આપેલા નિયમો આજે પણ અસરકારક છે અને આપણા જીવનોમાં તેને પાળવાથી તેમને ખુશી થાય છે. મિસર દેશમાંથી નિકળ્યાનાં ત્રણ મહિના પછી ઈસ્રાયેલીઓ સિનાઈ પર્વત પર પહોંચ્યા જેને 'દેવનાં પહાડ' તરીકે પણ ઓળખવામાં આવે છે. પહાડની તળેટીમાં તેઓએ પોતાની છાવણી નાખી અને મુસા પહાડ ઉપર દેવની સાથે વાત કરવા ગયા. દેવે કહયું કે, "લોકોને કહે કે જો તેઓ મારા કરારને આધિન થશે અને આજ્ઞાંકિત બનશે તો દરેક રાષ્ટ્રોમાંથી તેઓ મારુ ખાસ ધન બનશે. તમે રાજ માન્ય યાજક વર્ગ અને પવિત્ર રાષ્ટ્ર થશો."

આ વાત લોકોને મુસાએ જણાવી અને તેઓ બધાએ એકમત થઈને કહયું કે, "જે પ્રમાણે દેવ કહયુ તે અમે કરીશું". આથી મુસા ફરી વખત પર્વત ઉપર ગયો અને દેવને કહયું કે, "લોકો દેવને આધિન થશે" તેથી યહોવા દેવે કહયું, "જો, હું ઘાડા વાદળામાં તારી પાસે આવું છું, એ માટે કે જયારે હું તારી સાથે બોલું ત્યારે લોકો તે સાંભળે, અને વળી તારા કહેવા પર તેઓ વિશ્ર્વાસ કરે. અને દેવે મૂસાને કહયું કે, તું લોકોની પાસે જઈને તેઓને આજે ને કાલે શુધ્ધ કર, ને તેઓ પોતાનાં વસ્ત્રો ધુએ, ન ત્રીજે દિવસે હું સર્વ લોકોનાં દેખતાં સિનાઈ પહાડ પર ઉતરીશ , અને તેઓ સાથે વાત કરીશ. કોઈ પણ વ્યકિત પર્વત પાસે આવે નહિ કે પર્વત પર ચઢવાની કોશિશ કરે નહિ.

આથી લોકોએ તેઓને જે પ્રમાણે કહેવામાં આવ્યું તેમ કર્યુ. જયારે મુસાએ તેમની સાથે વાત કરી ત્યારે તેઓએ પોતાનાં વસ્ત્રો ધોયા અને પોતાની જાતને તૈયાર કરી. અને ત્રીજા દિવસે ગર્જના તથા વિજળી તથા પર્વત પર ઘાટુ વાદળ તથા રણશિંગાનો બહુ મોટો અવાજ થયા. આખા સિનાઈ પર્વત ઉપર ધુમાડો થયો કેમકે, યહોવા દેવ તે પર અગ્નિ દ્વારા ઉતર્યા. ધરતી ધ્રુજી ત્યારે મુસા બોલ્યો અને દેવે તેને પર્વત પર આવવા આમંત્રણ આપ્યુ અને દેવે

કહયું, "મારા સામર્થ્યવાન હાથો વડે મિસરમાંથી કાઢી લાવનાર હું યહોવા તમારો દેવ છું. આ આજ્ઞાઓ તમારે માટે થશે એટલે મારા લોક માટે.
– મારા સિવાય તારે કોઈ દેવની આરાધના કરવી નહિ.
– તું તારે સારુ કોઈ મૂર્તિ ન કર. ઉપરનાં આકાશમાંની કે નીચે ભૂમિમાંની કે ભૂમિ તળેનાં પાણી માંની કોઈપણ ચીજની પ્રતિમા ન કર.
– માર નામ તારે પવિત્ર પાળવું, પવિત્ર રાખવુ અને મારુ નામ વૃથા લેવું નહિ.
– સાતમા દિવસે તારે કંઈ પણ કાર્ય કરવુ નહિ પરંતુ તેને પવિત્ર પાળવા. તે દેવને સારુ અલગ કરેલો સાબ્બાથનો દિવસ છે.
– તારા બાપનું તથા તારી માંનું તું સન્માન કર કે જેથી તારો દેવ યહોવા જે દેશ તને આપે છે તે માં તારું આયુષ્ય લાંબુ થાય.
– તું ખુન ન કર.
– તું વ્યભિચાર ન કર.
– તું ચોરી ન કર.
– તુ તારા પડોશી વિરુધ્ધ જુઠ્ઠી સાક્ષી ન પુર.
– તું તારા પડોશીનાં ઘર પર કે તેનાં સર્વસ્વમાંની કોઈપણ વસ્તુનો લોભ ન રાખ.

ઉપરની આજ્ઞાઓનો પ્રથમ અડધો ભાગ તે દેવ સાથેનાં સંબંધોને દર્શાવે છે. જયારે બીજો અડધો ભાગ માણસો સાથેનાં સંબંધોને દર્શાવે છે. ત્યારે ઈસ્રાએલી લોકોએ ભયથી કાંપીને મુસાને કહયું, "તું પોતે અમારી સાથે બોલ અને અને સાંભળીશું પણ દેવ અમારી સાથે ન બોલે, નહિ તો અમે મરી જઈશું." મુસાએ કહયું, "ડરો મા કેમકે દેવ સ્વર્ગીય રાજા તરીકે તમારી સાથે કરાર સ્થાપિત કરવા માટે આવ્યા છે. તમે દેવની સમક્ષ ઉભા રહો કે જેથી દેવન ભય તમને પાપ કરવાથી રોકે." મુસાએ લોકોને દેવની પવિત્રતાની ખાત્રી દર્શાવતા આ સુચના આપી.

પછી મુસા પહાડ પર ગયો ત્યારે દેવે લોકોએ કેવી રીતે જીવવું તે વિશે સંપુર્ણ માહિતી તથા સુચનાઓ આપી કે તેઓ એકબીજાની સાથે કેવી રીતે રહે. દેવે બલિદાનને બરાબર રીતે કેવી રીતે આપવું, પર્વો કેવી રીતે પાળવા તથા ધન સંપત્તિ બચાવવા વિશે જણાવ્યું. મુસા ફરીથી બીજી વાર લોકો પાસે આવ્યો અને દેવની સુચનાઓને ફરીથી લોકો સમક્ષ રજુ કરી. લોકોએ પ્રત્યુત્તર આપ્યો કે, "જે કંઈ દેવ દર્શાવે છે તે અમે કરીશું" આથી મુસાએ પર્વતની તળેટીમાં દેવની સ્તુતિ અને આરાધના તથા સંગતિને દર્શાવતા દહન્યાર્પણ કર્યુ. તેણે હલવાનનું અડધુ લોહી વેદી પર છાંટયું ત્યારબાદ દેવે કહેલા શબ્દોને લોકોને કહી સંભળાવ્યા. તેણે તેમને કરારનાં પુસ્તક મારફત લખ્યા. ઈસ્રાએલીઓએ દેવને આધીન થવા સારુ વચન આપ્યું તેથી મુસાએ બાકી રહેલુ અડધુ લોહી લોકો પર છાંટીનુ કહયું કે, "આ લોહી તમારી તથા દેવની

વચ્ચેનાં કરારરૂપ છે."

આ વાતનું મહત્વ એ દર્શાવે છે કે, સિનાઈ પર્વત પર ઈસ્રાએલી લોકોને આપવામાં આવેલા વચનો દેવની પવિત્રતા તથા તેની આજ્ઞાઓ સાથે કેવો સંબંધ ધરાવે છે. વળી આ ઘટનાની સચ્ચાઈ મુજબ ઈશ્વરે તેની પવિત્રતામાં લોકો પવિત્ર જીવન ગુજારી શકે તથા દેવની સાથે સંગતિમાં રહી શકે તે માટે દસ આજ્ઞાઓ તથા બીજી સુચનાઓ આપ્યા. તેઓએ દેવે કહયું તે પ્રમાણે આધિન થવાનું વચન આપ્યું અને દેવની સાથેનાં કરારમાં જોડાયા.

આ પાઠનું પુનરાવર્તન કરતા નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.

પ્ર.૧ લોકોને આશીર્વાદીત જીવન જીવવા માટે દવે શા માટે આજ્ઞાઓ આપી ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે,- "જો તમે આજ્ઞાંકિત થશો અને મારી આજ્ઞાઓ પાળશો તો તમે માર્ ખાસ ધન થશો"- તો તમે સાચા છો.

પ્ર.૨ દેવનાં પર્વત પાસે ઉભા રહેતા પહેલા લોકોએ શું કરવાનું હતું ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે, "મુસા તેઓને દેવની પાસે લાવે તે પહેલા તેઓએ બે દિવસ સુધી પોતાનાં હૃદયોને શુધ્ધ કરવાનાં હતા તથા પોતાનાં વસ્ત્રો ધોવાનાં હતા" - તો તમે સાચા છો.

પ્ર.૩ શા માટે દેવે પર્વત ઉપર દર્શન દીધું ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે,- "દેવ ચાહતા હતા કે ઈસ્રાએલી લોકો તેની સમક્ષ ઉભા રહે કે જેથી દેવનાં ભયમાં તેઓ પાપ કરતા ડરે, અને દેવની હાજરીની તેઓને અનુભૂતિ થાય"- તો તમે સાચા છો.

આ વાત થકી તમને એ શિખવા મળે છે કે, શા માટે આપણે દેવની આજ્ઞાઓને તોડતા ડરવુ જોઈએ. જયારે આપણે પાપ કરીએ છીએ અને દેવનાં નિયમો તોડીએ છીએ તો તેનો અર્થ એ થાય કે, આપણે તેમનાં કરારને યાદ રાખ્યો નથી. અને દેવથી વિમુખ થયા છીએ.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.